# સે-૨૪માં હજુ ટેન્કર રાજ

**બોરનુ સમારકામ પણ થયુ નથી : સ્થાનિક નેતાઓ ઠાલા વચન આપી એ સી ચેમ્બરમાં આરામ ફરમાવી રહ્યા છે આમ નાગરિકોને આકરી ગરમીમાં પાણી પણ નસીબ થતુ નથી : છેલ્લા ચાર દિવસથી ટેન્કરથી પાણી મંગાવી કામ ચલાવે છે**

ગાંધીનગર તા ૧૭

શહેરના સે-૨૪ માં પાણીની સમસ્યા યથાવત છે. સેકટરમાં હાલ ટેન્કર રાજ છે. અલબત્ત નળમાં પાણી ન આવતુ હોવાના લીધે સ્થાનિકો ટેન્કર મારફતે પાણી મેળવી કામ ચલાવી રહ્યા છે. જયારે બોરનુ સમારકામ પણ હાથ ધરાયુ નથી. સ્થાનિક નેતાઓ રહીશોને ઠાલા વચનો આપી એ સી ચેમ્બરમાં આરામ ફરમાવી રહ્યા હોવાનો રોષ પણ સ્થાનિક નગર સેવકે ઠાલવ્યો છે.

ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીની પોકાર ઉઠવા પામે છે. સેકટરોમાં પણ સમયાંતરે પાણીની પોકાર ઉઠવા પામે છે. શહેરમાં પાણીની જરૂરિયાત સામે વધુ પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનો દાવો પણ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે. બીજીતરફ આકરી ગરમીમાં વધતા વપરાશ વચ્ચે સતત સેકટરોમાં પાણી ન આવતુ હોવાની પોકાર પણ ઉઠતી રહે છે. આવા સંજોગોમાં સે-૨૪ માં છેલ્લા કેટલાક સમયથી પાણીનો પ્રશ્ન જટીલ બન્યો છે. સેકટરમાં પાણી ન આવતુ હોવાના મામલે સ્થાનિક નેતાઓ તેમજ તંત્રના અધિકારીઓએ સેકટરની મુલાકાત લઈ પાણીના પ્રશ્ને જરૂરી નિરિક્ષણ કર્યુ હતુ. જયારે સેકટરના બોરની ક્ષતિ નિવારવા માટે પણ સુચના આપવામાં આવી હતી. પરંતુ આ મુલાકાતના અંતે હજુ સેકટરમાં પાણીની પોકાર યથાવત હોવાનો રોષ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. આ અંગે સેકટરના નગર સેવક અંકિત બારાટે પ્રબળ રોષ વ્યકત કરતા

● અનુસંધાન પાન-૭ પર



# ગાંધીનગરમાં આ ચોમાસામાં ૩૦ ઈંચ વરસાદ પડશે : અંબારામ

**જુનના ત્રીજા સપ્તાહમાં વિધીવત ચોમાસુ આરંભાશે : જોકે ૨૮મી મે થી ૫ મી જુન દરમ્યાન વાવાઝોડુ-વરસાદ થશે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં આગામી ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ જોવા મળશે. નગરજનો પર મેઘરાજા મહેરબાન થશે. ચોમાસામાં ૩૦ ઈંચ જેટલો વરસાદ પડશે. શહેરના સરેરાશ કરતા પણ બે ઈંચ વધુ વરસાદ પડવાની સંભાવના છે તેમ જણાવતા જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના મતે સમગ્ર રાજ્યમાં સરેરાશ ૭૮૦ મી.મી. વરસાદ થવાની સંભાવના છે. સૌરાષ્ટ્રના ભાગોમાં પણ ૨૮ થી ૪૮ ઈંચ વરસાદ થવાની શક્યતા છે.

૨૦૧૯ના ચોમાસાના સંકેત જોતા ગુરૂ શનિના ભ્રમણ જોતાં ઈ.સ. ૧૯૭૧, ૧૯૮૩ અને ૧૯૫૯ના વર્ષને આધાર લેતાં આ વખતનું ચોમાસુ એકંદરે સારૂ જાય. ભારત એ મોસમી પવનનો દેશ છે અને મોસમી પવનો અંગે ચોમાસા અંગે કોઈ ખાતરીથી કહી શકાય નહિ. મોસમી પવનમાં વરસાદની સાનુકૂળતા પણ કુદરતી બળો પર આધારીત રહેતી હોય છે. આથી વરસાદ કુદરતની દેન છે અને આ માત્ર અંદાજ છે તેમ ગણીએ તો ગુજરાતમાં સરેરાશ ૭૮૦ એમ.એમ. સરેરાશ વરસાદની શક્યતા ગણાય. સાનુકૂળ સ્થિતિમાં વધી પણ શકે. દેશના એવરેજ અંગે જોઈએ તો ૮૨ સેમીથી ૮૯ સેમી સુધીના વરસાદની સરેરાશ રહી શકે. સામાન્યરીતે ૮૪ સેમી વરસાદની સંભાવના છે.

કેરળ કાંઠે ચોમાસુ શુક્ર કૃતિકા નક્ષત્રમાં હોતા કેરળ કાંઠે ચોમાસુ સમયસર આવે અને જૂનની શરૂઆતમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના રહે. ગુજરાતમાં ૧૮મી મે બાદ એટલે કે રવિવારથી ગરમી વધે અને જૂનમાં પણ ગરમી વધે. મહત્તમ ઉષ્ણતામાન ૪૪ ડિગ્રી સેલ્સીયસને પાર કરી જાય. ગંગા-જમનાના મેદાનો તપી ઉઠે. આગામી ત્રણ દિવસમાં આંદોમાન-નિકોબાર ટાપુ પર ઝાપટા પડે અને ૨૧, ૨૨ તારીખમાં આંદોમાન-નિકોબાર ટાપુઓ પર ચોમાસુ બેસી જાય. રોહિણી-સૂર્ય નક્ષત્રમાં આંધી-ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા છે. મે તા. ૨૫ થી ૨૮માં વરસાદ થાય જ્યારે આંધી ગાજવીજ સાથે ૨૯ મે થી પાંચમી જૂન વચ્ચે વધુ વરસાદ થાય. આ અરસામાં ચોમાસુ પવનોની ગતિવિધિ પણ વધે.

● અનુસંધાન પાન-૭ પર

# ચ-માર્ગ આસપાસની જગ્યામાં હરિયાળી લોન વચ્ચે વોક-વેનુ નિર્માણ કરાશે

**મુખ્યમાર્ગોની આસપાસ બ્યુટીફિકેશન માટે નવતર આયોજન માટે વિચારણા : વૃક્ષોન યથાવત રાખી હરિયાળી લોન વચ્ચે સાઇકલ ટ્રેક તેમજ વોક વે બનાવવા માટે પણ આયોજન કરાશે**

ગાંધીનગર તા ૧૭

શહેરના મુખ્યમાર્ગો આસપાસના વિસ્તારમાં સ્માર્ટ સીટીને અનુરૂપ બ્યુટિફીકેશન કરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. જેમાં મુખ્યમાર્ગોની આસપાસની જગ્યામાં વૃક્ષોને યથાવત રાખી હરિયાળી લોન તેમજ વોક વે અને સાઈકલ ટ્રેક બનાવવા માટે પણ પ્રોજેકટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જો કે આ મામલે હજુ પ્રાથમિક વિચારણા ચાલી રહી છે.

ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ શહેરમાં વિકાસના નવા આયામો વચ્ચે માળખાગત સુવિધાના કામો ઉપરાંત બ્યુટીફીકેશન તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યુ છે. શહેરના મુખ્યમાર્ગોની આસાપાસ વનતંત્ર દ્વારા વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. પરંતુ હજુ આ વિસ્તાર બ્યુટિફીકેશનની દ્રષ્ટીએ કંગાળ જોવા મળી રહ્યો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. અલબત્ત શહેરના મુખ્યમાર્ગો આસપાસની ફેન્સીંગની અંદરની જગ્યામાં પણ હજુ ખુલ્લામાં રહેતા શ્રમિકો તેમજ ગંદકીનુ સામ્રાજય છે. જયારે યોગ્ય જાળવણીના અભાવે પણ માર્ગો આસપાસના વિસ્તારમાં અનેક દુવિધાઓ જોવા મળી રહી છે. આવા સંજોગોમાં નગરના મુખ્યમાર્ગોની આસપાસની જગ્યામાં બ્યુટિફીકેશન માટે નવી કાર્યયોજના વિચારણા હેઠળ છે. જેમાં નગરના માર્ગ એકબાજુ સ્થિત જગ્યામાં હરિયાળી લોન ઉપરાંત સાઈકલ ટ્રેક તેમજ વોક વે બનાવવા ઉપરાંત બાકડા મુકીને આ વિસ્તારને નયનરમ્ય બનાવવા માટે પણ વિચારણા

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ

**બનાસકાંઠામાં વીજળી પડતાં એક ખેડૂત અને બે ભેંસોના મોત : અમરેલી અને મહેસાણામાં વરસાદ : રાજુલાના ડુંગરમાં બરફના કરા સાથે વરસાદ**

ગાંધીનગર, તા. ૧૭

પશ્ચિમી રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં જુદા જુદા ભાગો પર સર્જાયેલા સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ વચ્ચે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અનેક ભાગોમાં આજે હવામાનમાં પલટો આવ્યો હતો અને વરસાદ થયો હતો. જુદા જુદા વિસ્તારમાં વરસાદના પરિણામ સ્વરુપે તાપમાનમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો હતો. હવામાન વિભાગ તરફથી હજુ પણ ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાગોમાં અને ખાસ કરીને બનાસકાંઠા અને સાબરકાંઠામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ભાગોમાં કમોસમી વરસાદથી ખેડૂત સમુદાય ફરી એકવાર ચિંતાતુર દેખાયો હતો. બીજી બાજુ મહત્તમ તાપમાનમાં ઘટાડો પણ થયો છે. આજે અમદાવાદમાં પારો ગગડીને ૩૯.૯ ડિગ્રી રહ્યો હતો. રાજયમાં ગાંધીનગરમાં ૪૦.૪, કંડલા એરપોર્ટ ખાતે ૪૦.૨ અને રાજકોટમાં ૪૦.૧ સુધી પારો રહ્યો હતો જે રાજયના સૌથી ગરમ વિસ્તારો રહ્યા હતા. અન્યત્ર પારો ૪૦થી નીચે રહ્યો હતો. હવામાન વિભાગે બનાસકાંઠા અને સાબરકાંઠામાં અનેક જગ્યાઓએ ધૂળભરેલી આંધીની સાથે ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન સાથે વરસાદની ચેતવણી જારી કરી છે. રાજસ્થાનમાં સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને હવાના દબાણમાં નોંધાયેલા ફેરફારના કારણે ગુજરાત રાજયના અમુક વિસ્તારોમાં હવામાનમાં નોંધપાત્ર પલ્ટો આવ્યો હતો. ખાસ કરીને રાજયના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને ભારે વાવાઝોડા સાથે વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠાના હિંમતનગરમાં પણ આજે વરસાદી માહોલ સર્જાયો હતો. જેના કારણે વરસાદ પડયો તે વિસ્તાર અને તેની આસપાસના વિસ્તારોમાં ભારે ઠંડક પ્રસરી ગઈ હતી. રાજુલા, સાવરકુંડલા સહિતના પંથકોમાં તો, દોઢથી બે ઈંચ જેટલો વરસાદ નોંધાતાં રસ્તાઓ અને ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. ભરઉનાળે આટલા ભારે વરસાદથી રાજયના ખેડૂતો પણ કેરી સહિતના પાકની નુકસાનીને લઈ ચિંતામાં ગરકાવ થયા છે. હવામાન વિભાગ દ્વારા આવતીકાલે પણ રાજયના કેટલાક વિસ્તારોમાં હવામાનમાં પલ્ટા અને વરસાદ પડવાની આગાહી કરી છે. દરમ્યાન બનાસકાંઠામાં ભારે ગાજવીજ સાથે વીજળી પડતાં એક ખેડૂત અને બે ભેંસોના મોત નીપજયા હતા, જેને લઈ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. રાજસ્થાન અને પાડોશી દેશ પાકિસ્તાનમાં ગઈકાલે સર્જાયેલા અપર એરસાયક્લોનિક સર્ક્યુલેશનને પગલે રાજયના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર આવ્યો હતો. જેના પગલે સૌરાષ્ટ્રના અમરેલી, રાજુલા સહિતના પંથકો તો ઉત્તર ગુજરાત ખાસ કરીને સાબરકાંઠાના હિંમતનગર, બનાસકાંઠા સહિતના પંથકોમાં આજે ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને અમરેલીના સાવરકુંડલા, વીજપડી, ભમ્મર, ધાડલા અને ચીખલીમાં વરસાદ નોંધાયો હતો.

# સરકારી પ્લાન્ટ પર ફરજ બજાવતા કર્મચારીઓને વર્ષોથી લાભો મળતા નથી

ગાંધીનગર તા ૧૭

માર્ગ મકાન વિભાગ હસ્તકના સરકારી પ્લાન્ટમાં વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓને સરકારી લાભો મળતા નથી. ચિલોડા હોટમીક્ષ પ્લાન્ટના કર્મચારી મંડળના કાનાજી ભીખાજી ઠાકોરે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ નેશનલ હાઈવે નં -૮ પર સ્થિત સરકારી પ્લાન્ટમાં વર્ષ ૧૯૯૨ થી ફરજ બજાવતા કર્મચારીઓ ઉમદા ફરજ અદા કરે છે. જયારે શ્રમ અને રોજગાર તેમજ લેબર કોર્ટ અને હાઈકોર્ટમાં પણ ન્યાય મળ્યો છે. આમછતા કર્મચારીઓને કોઈ લાભો મળતા નથી. સરકારી અધિકારીઓ તેમજ મંત્રી કક્ષાએ પણ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. આ અંગે ત્વરિત અસરથી પગલા લેવાય તેમજ કર્મચારીઓને જરૂરી સરકારી લાભો તેમજ ન્યાય મળે તેવી માંગણી પણ મંડળે કરી છે.

# ઉનાળુ વેકેશનનો આનંદ માણવા ગુજરાતીઓ હિલ સ્ટેશને પહોંચ્યા

**માઉન્ટ આબુ પ્રવાસીઓનું પસંદગીનું સ્થળ બન્યું : માઉન્ટ આબુના વેપાર ધંધામાં પણ તેજીનો માહોલ સર્જાયો**


ગાંધીનગર, તા.૧૭

ઉનાળુ વેકેશનનો આનંદ માણવા પ્રવાસીઓ હિલ સ્ટેશને પહોંચ્યા છે. ગુજરાતીઓ હરવા ફરવાના શોખીન મનાય છે વેકેશનનો આનંદ માણવા માટે તીર્થસ્થળો અને પ્રવાસન ધામોમાં રજાઓ ગાળે છે. હાલ શાળા-કોલેજોમાં ઉનાળુ વેકેશન છે તેમજ લોકસભાની ચૂંટણી પણ સંપન્ન થઈ છે ત્યારે આ ઉનાળાના વેકેશનનો આનંદ માણવા માટે ગુજરાતીઓ રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુની વાટ પકડી રહ્યા છે. જેથી માઉન્ટ આબુ હાલ સહેલાણીઓથી ઉભરાવા લાગ્યું છે. બનાસકાંઠાને અડીને આવેલું માઉન્ટ આબુ પ્રવાસીઓ માટે પસંદગીનું સ્થળ મનાય છે. અહીંયા લોકો હરવા ફરવાની સાથે નખી લેકમાં બોટીંગનો આનંદ માણે છે. અહીંયા એન્ટીક ચીજ વસ્તુઓ પણ વેચાતી હોઈ માઉન્ટના પ્રવાસ આવતા લોકો વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરતા હોય છે. જૈનોનું પવિત્ર યાત્રાધામ દેલવાડા પણ આવેલું છે. જયાં પણ પ્રાચીન કલાકૃતિના વારસાને માણવા પરિવાર સાથે લોકો ઉમટી પડે છે તો માઉન્ટ નજીક આવેલ આકાશને આંબતા ગુરૂશિખરે પણ લોકો ભગવાન દત્તાત્રેયના દર્શનનો આનંદ માણે છે અને સાંજ પડતા જ વાદળોમાં છુપાતા સૂર્યને નિહાળવા લોકો સનસેટ પોઈન્ટ ઉપર ઉમટી પડે છે. એક જ સ્થળે અનેક આનંદની અનુભૂતિ કરાવતું હીલ સ્ટેશન માઉન્ટ આબુ હાલ ઉનાળાના કારણે પ્રવાસીઓથી છલકાઈ રહ્યું છે. માઉન્ટ આબુના વેપાર ધંધામાં પણ તેજીનો માહોલ સર્જાયો છે.



# કોલવડા - સોનીપુર માર્ગ પર કુવામાં પડેલા મોરનો ફાયર ટીમે જીવ બચાવ્યો

**૯૦ ફુટ ઉંડા અવાવરુ કુવામાંથી મોરને બહાર કાઢયો : પગના ભાગે સામાન્ય ઇજા મોરને વનચેતના કેન્દ્રને સોંપી દેવાયો**





ગાંધીનગર તા ૧૭

કોલવડા સોનીપુર માર્ગ પર સ્થિત ૯૦ ફુટ ઉંડા અવાવરુ કુવામાં મોર પડી જતા ફાયરબ્રિગેડની ટીમે બચાવ કામગીરી હાથ ધરીને આ અબોલનો જીવ બચાવ્યો હતો. જો કે મોરને પગના ભાગે સામાન્ય ઈજાઓ થવા પમી હતી. ફાયર ટીમે આ મોરને કુવામાંથી બહાર કાઢીને વનચેતનાને સોંપી દીધો હતો.

ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં બનતી આગ કે અકસ્માતના કિસ્સામાં ફાયર બ્રિગેડની ટીમ બચાવ કામગીરી હાથ ધરી લાખોનુ નુકશાન તેમજ જાનહાનિ થતી પણ અટકાવે છે. આ ઉપરાંત શહેરમાં રખડતા ઢોર પણ ઘણીવાર અકસ્માતનો ભોગ બનતા હોવાના કિસ્સાઓ ધ્યાને આવે છે. આવા સંજોગોમાં જીવદયા પ્રેમીઓ પણ

● અનુસંધાન પાન-૭ પર


સાતમી પુણ્યતિથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવે
વૈશાક સુદ-૧૫ (વૈશાખી પૂર્ણિમા)

અમો તમારો હસતો ચહેરો સદાય યાદ રહે. તમારું જીવન ગુલાબની જેમ સુગંધીત પ્રસરે, તમો દુ:ખમાં સદાય હસતા રહ્યા અને સુખને વહેંચતા રહ્યા. તમો અમોને કુટુંબપ્રેમ, ખુમારી, મહેનત અને પ્રેમભાવ શીખવી ગયા. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી હૃદયથી પ્રાર્થના.

લી.
ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જે. દવે
જતીનભાઈ જે. દવે (પુત્રી) ધર્મા જે. દવે (પુત્રવધુ)
તુષાર જે. દવે (પુત્ર) રીપા ટી. દવે (પુત્રવધુ)
હેમંત જે. દવે (પુત્ર) યોગિની એચ. દવે (પુત્રવધુ)
દ્રષ્ટિ, વેદાંશી (પૌત્રી)
સમસ્ત દવે પરિવાર



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com